ડૉ. હિતેન પારેખ
અધિક નિયામક
(વાઇટલ સ્ટેટિસ્ટિક્સ)

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી.
બ્લોક નં. ૫/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦,
ગુજરાત.

નં.એસબીએચઆઇ/RA4/જ.મ.નોંધણી/RGI//Advisory/2748 /વીએસ-૨૦૨૫ તારીખ: 25/11/2025

પ્રતિ,

(૧) જિલ્લા રજિસ્ટ્રાર જન્મ-મરણ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,

જિલ્લા પંચાયત..............................(તમામ)

(૨) રજીસ્ટ્રાર (જન્મ-મરણ) અને તબીબી અધિકારીશ્રી(આરોગ્ય)

મહાનગરપાલિકા..............................(તમામ)

(૩) રજીસ્ટ્રાર (જન્મ-મરણ) અને મુખ્ય અધિકારીશ્રી

નગરપાલિકા....................................(તમામ)

(૪) તાલુકા રજિસ્ટ્રાર(જન્મ-મરણ) અને તાલુકા વિકાસ અધિકારીશ્રી

તાલુકા પંચાયત..............................(તમામ)

**વિષય:** જન્મ-મરણના પ્રમાણપત્રમાં બાળકના નામમાં જરૂરી સુધારા/વધારા કરવા બાબત

**સંદર્ભ:** Joint Director, RGI, New Delhi's letter F.No.1/12/2018VS (CRS)/208/ dated 03/10/2025

ઉક્ત વિષય અને ભારત સરકારના સંદર્ભીત પત્ર અનુસંધાને માન. મુખ્ય રજિસ્ટ્રાર(જન્મ-મરણ) અને કમિશ્નરશ્રી(આરોગ્ય અર્બન)ની મળેલ મંજૂરી અન્વયે રાજ્ય કક્ષાએથી જન્મ મરણના સંબંધિત રજિસ્ટ્રારો દ્વારા સહાયક દસ્તાવેજોને આધારે અરજદારને નીચે મુજબના કિસ્સામાં જન્મ-મરણના પ્રમાણપત્રમાં જરૂરી સુધારા/વધારા કરી આપવાના થાય છે.

| ક્રમ નં. | અરજદારની રજૂઆત | રજિસ્ટ્રાર/સબ રજિસ્ટ્રાર(જ.મ.) કક્ષાએ કરવાના થતા જરૂરી સુધારા/વધારા |
|---|---|---|
| ૧ | બાળકના જન્મના પ્રમાણપત્રમાં પિતાના નામની કોલમમાં માતાનું નામ દાખલ કરવા બાબતે | બાળકના જૈવિક(Biological) પિતાનું નામ રીમુવ કરી શકાશે નહિં. એટલે કે પિતાના નામની કોલમમાં ફરજિયાત પિતાનું નામ લખવાનું રહેશે. |
| ૨ | છૂટાછેડાના કેસમાં (કોર્ટના હુકમ દ્વારા બાળકની કસ્ટડી માતાની પાસે હોય ત્યારે કોર્ટના આદેશ મુજબ) બાળકના જન્મના પ્રમાણપત્રમાં બાળકના નામની પાછળ માતાનું નામ અને માતાની અટક રાખવા બાબતે | જો બાળકના નામની પાછળ માતાનું નામ અને અટક રાખવી હોય તો સહાયક દસ્તાવેજોને આધારે જરૂરી સુધારા/વધારા કરી શકાશે.<br><br>દા.ત. (બાળકનું નામ, માતાનું નામ, માતાની અટક) |

| | | |
|---|---|---|
| 3 | જન્મના પ્રમાણપત્રમાં બાળકના નામની પાછળ Middle Name તરીકે પિતાનું નામ અને Last Name તરીકે અટક બંને લખાવવા માંગતા ન હોય તો | Middle Name તરીકે પિતાનું નામ અને Last Name તરીકે અટક બંને optional કરી શકાશે.<br>દા.ત. (<u>બાળકનું નામ</u>) |
| ૪ | માતા અને પિતા બંને બાળક સાથે જ રહેતા હોય તેવા કિસ્સામાં બાળકના જન્મના પ્રમાણપત્રમાં બાળકના પુરા નામમાં માતાનું નામ દાખલ કરવા બાબતે | જો બાળકના નામની પાછળ માતાનું નામ અને માતાની અટક રાખવી હોય તો સહાયક દસ્તાવેજોને આધારે જરૂરી સુધારા/વધારા કરી શકાશે.<br>દા.ત. (<u>બાળકનું નામ, માતાનું નામ, માતાની અટક)</u> |
| ૫ | બાળકના જન્મ પ્રમાણપત્રમાં બાળકના પુરા નામમાં પ્રથમ અટક, વચ્ચે બાળકનું નામ તેમજ છેલ્લે પિતાનું નામ કરવા બાબતે | જરૂરી આધાર/પુરાવાના આધારે બાળકના નામમાં પ્રથમ અટક કરી શકાશે.<br>દા.ત. (<u>અટક, બાળકનું નામ, પિતાનું નામ)</u> |
| ૬ | જન્મના પ્રમાણપત્રમાં બાળકના પુરા નામમાં Middle Name તરીકે પિતાનું નામ લખાવવા ન માંગતા હોય તે બાબતે | Middle Name તરીકે પિતાનું નામ optional રાખી શકાશે.<br>દા.ત. (<u>બાળકનું નામ, અટક</u>) |
| ૭ | મરણના પ્રમાણપત્રમાં મરનારના પુરા નામમાં Middle Name તરીકે પિતા/પતિનું નામ લખાવવા ન માંગતા હોય તે બાબતે | Middle Name તરીકે પિતા/પતિનું નામ optional રાખી શકાશે.<br>દા.ત. (<u>મરનારનું નામ, અટક</u>) |
| ૮ | મરણના પ્રમાણપત્રમાં મરનારના નામની પાછળ Middle Name તરીકે પિતા/પતિનું નામ કે અટક બંને લખાવવા માંગતા ન હોય તો | Middle Name તરીકે પિતા/પતિનું નામ અને અટક બંને optional કરી શકાશે.<br>દા.ત. (<u>મરનારનું નામ</u>) |
| ૯ | જન્મના પ્રમાણપત્રમાં પિતા અને બાળકની અલગ અલગ અટક રાખવા બાબતે | સરકારી ગેઝેટ અને બાળકનું અલગ અટક વાળું ફોટો ઓળખપત્ર તેમજ જરૂરી અન્ય સાધનિક દસ્તાવેજોને આધારે સુધારો કરી શકાશે. |

વધુમાં જણાવવાનું કે, ભારત સરકારના તા.૧૧/૦૧/૨૦૦૭ના Letter No. 1/37/2004/VS(CRS) માં જણાવ્યા મુજબ **"અરજદારની દ્વારા જન્મ કે મરણ પ્રમાણપત્રમાં કોઇ પણ જાતનો સુધારો કરવો હોય તો જે-તે રજિસ્ટ્રાર એક જ વાર સુધારો કરી શકે છે." પરંતુ, પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં, જો સરકારશ્રી તરફથી નિયમોમાં ફેરફાર થાય અને જન્મ/મરણની નોંધમાં ફેરફાર કરવાની જરૂર પડે તો રજિસ્ટ્રાર દ્વારા સહાયક આધાર/પુરાવાને આધારે સુધારો કરવાનો રહે છે.**

ઉક્ત વિગતો ધ્યાનમાં રાખીને આપની કક્ષાએથી નિયમોનુસારની કાર્યવાહી કરવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

નોંધ: આપના તાબા હેઠળના તમામ રજિસ્ટ્રાર(જ.મ.)ને સદરહું એડવાઇઝરી અનુસંધાને અમલવારી કરવા અંગે આપની કક્ષાએ જરૂરી સૂચના આપવા સારૂ.

નાયબ મુખ્ય રજિસ્ટ્રાર(જન્મ-મરણ)

અને

અધિક નિયામક (આંકડા)

ગાંધીનગર.

નકલ સવિનય રવાના:

માન. મુખ્ય રજિસ્ટ્રાર(જન્મ-મરણ) અને કમિશ્નરશ્રી(આરોગ્ય અર્બન), કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આવિબ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર...તરફ જાણ સારૂ.